કચ્છ, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના "કારડીયા-નાડોદા, કારડીયા, નાડોદા, ભાથી રાજપૂત, કારડિયા રાજપૂત, નાડોદા રાજપૂત" સમાજના લોકોને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો મેળવવામાં પડતી મુશ્કેલીઓ દૂર કરવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૯/૧૧૭૧૬૪/અ

તા.૦૮/૦૩/૨૦૧૯

__વંચાણે લીધા:__

(1) મજૂર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગનો તા.૦૧/૦૪/૧૯૭૮ નો ઠરાવ ક્રમાંક:બીસીઆર-૧૦૭૮-૧૩૭૩૪-૭

(2) સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૫/૦૭/૧૯૯૪ નો ઠરાવ ક્રમાંક:સશપ-૧૧૯૪-૧૪૧૧-અ

(3) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની તા૨૨/૦૨/૨૦૧૯ ની દરખાસ્ત ક્રમાંક:વિજાક/જન/મપ્રપ/૧૮-૧૯/૨૩૩

__પ્રસ્તાવના:__

વંચાણે લીધેલા ક્રમાંક (1) હેઠળના મજૂર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગના તા.૦૧/૦૪/૧૯૭૮ ના ઠરાવથી ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદી જાહેર કરીને તે જાતિઓને રાજ્ય હેઠળની શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી નોકરીઓમાં અનામત આપવાની નીતિ અમલમાં મુકવામાં આવી હતી. વંચાણે લીધેલા ક્રમાંક (2) હેઠળના સમાજ કલ્યાણ વિભાગના તા.૨૫/૦૭/૧૯૯૪ ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની તત્સમયે હયાત યાદીમાં વધુ ૩૯ જાતિઓ ઉમેરવામાં આવી હતી. હાલની સ્થિતિએ રાજ્ય હેઠળની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદીમાં ક્રમાંક:૧૦૨ સામે "કારડીયા-નાડોદા, કારડીયા, નાડોદા, ભાથી રાજપૂત, કારડિયા રાજપૂત, નાડોદા રાજપૂત" જાતિ, જાતિસમૂહનો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે સમાવેશ થયેલ છે.

ગુજરાત રાજ્યના કચ્છ, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના ક્ષત્રિય રાજપૂત સમાજમાંથી સરકારને એવી રજૂઆત કરવામાં આવી હતી કે તેમનો સમાજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકીની "કારડીયા-નાડોદા, કારડીયા, નાડોદા, ભાથી રાજપૂત, કારડિયા રાજપૂત, નાડોદા રાજપૂત" જાતિનો જ ભાગ છે. ઉપરોક્ત જિલ્લાના રજૂઆતકર્તા ક્ષત્રિય રાજપૂત સમાજે એવી પણ રજૂઆત કરી હતી કે તેમના સમાજના લગ્ન સંબંધો ગુજરાતમાં અન્યત્ર વસતા "કારડીયા-નાડોદા, કારડીયા, નાડોદા, ભાથી રાજપૂત, કારડિયા રાજપૂત, નાડોદા રાજપૂત" સમાજ સાથે થાય છે. રજૂઆતકર્તા સમાજે એવી પણ રજૂઆત કરી હતી કે તેમનો સમાજ ઉચ્ચકુળના કહેવાતા જાગીરદાર, રજવી, ગિરસદાર કે દરબાર રાજપૂત સમાજનો ભાગ નથી અને ઉચ્ચ કુળના રાજપૂત સમાજની જેમ તેમના સમાજમાં સ્ત્રીઓ માટે પડદાપ્રથા નથી.

રજૂઆતકર્તા રાજપૂત સમાજે એવી પણ રજૂઆત કરી હતી કે ઉચ્ચકુળના રાજપૂત સમાજમાં પ્રચલિત નથી તેવી પુનર્લગ્ન અને વિધવા વિવાહની પ્રથા "કારડીયા-નાડોદા, કારડીયા, નાડોદા, ભાથી રાજપૂત, કારડિયા રાજપૂત, નાડોદા રાજપૂત" સમાજની જેમ જ તેમના સમાજમાં પ્રચલિત છે. રજૂઆતકર્તા સમાજના લગ્ન સંબંધો "કારડીયા-નાડોદા, કારડીયા, નાડોદા, ભાથી રાજપૂત, કારડિયા રાજપૂત, નાડોદા રાજપૂત" સમાજ સાથે થાય છે. ઉપરોક્ત રજૂઆત સમયે આગેવાનોએ કચ્છ, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના જુદા જુદા તાલુકાઓના વિવિધ ગામોમાં વસતા કારડિયા રાજપૂત, ભાથી, નાડોદા સમાજનો હિસ્સો હોય તેવા ગામોની યાદી અને અંદાજિત વસતીની યાદી પણ આપી હતી. ઉપરોક્ત રજૂઆત સાથે તેમની રજૂઆત છે કે તેઓ "કારડીયા-નાડોદા, કારડીયા, નાડોદા, ભાથી રાજપૂત, કારડિયા રાજપૂત, નાડોદા રાજપૂત" સમાજનો ભાગ હોવા છતા તેમના શાળા, રેવન્યુ કે અન્ય સરકારી રેકર્ડમાં "કારડીયા-નાડોદા, કારડીયા, નાડોદા, ભાથી રાજપૂત, કારડિયા રાજપૂત, નાડોદા રાજપૂત" નો ઉલ્લેખ ન હોવાથી ટેકનીકલ કારણોસર તેમને સમાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના પ્રમાણપત્રો મળતા નથી. પરિણામે તેઓ અનામત અને સરકારી લાભોથી વંચિત રહે છે. આમ રજૂઆતકર્તા સમાજને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના પ્રમાણપત્રો લેવામાં પડતી મુશ્કેલી દૂર કરવા માટે યોગ્ય રીતે પુરાવો લઈને જાતિ પ્રમાણપત્રો આપવા માટેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે ગુજરાત સરકાર નીચે મુજબ ઠરાવે છે.

<u>ઠરાવ:</u>

1. કચ્છ જિલ્લાના રાપર તાલુકામાં, બનાસકાંઠાના દિયોદર, લાખણી, થરાદ, સૂઇગામ, વાવ, વડગામ, પાલનપુર, દાંતા, દાંતીવાડા અને ધાનેરા તાલુકાઓના, પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના તથા મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના જાગીરદાર, રાજવી કે ગિરસદાર/ગરાસદાર/ગરાસિયા કે દરબાર રાજપૂત જેવા ઉચ્ચકુળ સિવાયના ક્ષત્રિય રાજપૂત સમાજ વસે છે કે જે ગુજરાતની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકીની ક્રમાંક:૧૦૨ આગળ દર્શાવેલ "કારડીયા-નાડોદા, કારડીયા, નાડોદા, ભાથી રાજપૂત, કારડિયા રાજપૂત, નાડોદા રાજપૂત" જાતિસમૂહનો ભાગ છે. આ ક્ષત્રિય રાજપૂત સમાજ સ્થાનિક લોકબોલીમાં ભૂમિયા, હિંદવાણી, વાવેચી, થરાદરી, બાવનવાંટા, પસાયતા, શેલોત (રાપર પંથકમાં) કે નાતરાયત(પુનર્લગ્ન કરનાર) ગોળના રાજપૂત તરીકે પણ ઓળખાય છે. તેમના શાળા, મહેસૂલી કે અન્ય સરકારી રેકર્ડમાં "કારડીયા-નાડોદા, કારડીયા, નાડોદા, ભાથી રાજપૂત, કારડિયા રાજપૂત, નાડોદા રાજપૂત" નો ઉલ્લેખ ન હોવાથી તેમને પ્રમાણપત્રો મળતા નથી, તે સંજોગોમાં આ સાથે સામેલ <u>પરિશિષ્ટ</u> માં દર્શાવેલ ચારેય જિલ્લાઓમાં આવેલ તાલુકાઓમાં દર્શાવેલ ગામોમાં વસતા આ સમાજની વ્યક્તિઓને સરળતાથી પ્રમાણપત્રો મળે તે માટે સક્ષમ સત્તાધિકારીઓએ હકારાત્મક વિચારણા કરીને પ્રમાણપત્રો આપવાના રહેશે. અત્રે સ્પષ્ટતા કરવાની કે પરિશિષ્ટમાં દર્શાવેલ ગામો પૈકી કોઇ સ્થળાંતરના કારણે અન્ય ગામ કે સ્થળે ગયા હોય તો આધારો મેળવીને તેમને પણ પ્રમાણપત્રો આપવા માટે વિચારણા કરવાની રહેશે.
2. અરજદાર ક્ષત્રિય રાજપૂત સમાજને પ્રમાણપત્રો આપતા પહેલા સક્ષમ અધિકારીઓએ ચોકસાઈ અને ખરાઈ કરવાની રહેશે કે તેઓ પરંપરાગત રીતે ઓળખાતા જાગીરદાર, રાજવી, દરબાર, ગરાસીયા/ગિરાસદાર કુળના રાજપૂત સમાજનો હિસ્સો નથી પરંતુ પરંપરાગત રીતે ઉતરતા દરજ્જાના

"કારડીયા-નાડોદા, કારડીયા, નાડોદા, ભાથી રાજપૂત, કારડિયા રાજપૂત, નાડોદા રાજપૂત" સમાજનો ભાગ છે.

3. સક્ષમ અધિકારીઓએ ચોકસાઈ અને ખરાઈ કરવાની રહેશે કે અરજદાર ક્ષત્રિય રાજપૂત સમાજમાં પરંપરાગત રીતે સ્ત્રીઓમાં પડદાપ્રથા અસ્તિત્વમાં નથી તેમજ અરજદારના સમાજમાં રૂઢિગત રીતે વિધવા અને છૂટાછેડા પછી પુનર્લગ્નની પ્રથા અમલમાં છે. અત્રે સ્પષ્ટતા કરવામાં આવે છે કે સક્ષમ અધિકારીઓએ વિધવા વિવાહ કે પુનલ:ગ્નની કોઈ એકલ દોકલ ઘટનાના (Isolated Incident) આધારે જે તે કુટુંબ કે સમાજની તેવી પરંપરા છે તેવું માનવાનું રહેશે નહિ.

4. અરજદાર રૂઢિગત રીતે ઉપરોક્ત સામાજિક લક્ષણો અને પરંપરાઓ ધરાવે છે કે કેમ તે માટે જે તે ગામના સ્થાનિક આગેવાનો, પદાધિકારીઓ કે અધિકારીઓના પંચનામા વિચારણામાં લેવાના રહેશે. જે તે સમાજના વહીવંચા બારોટ કે વંશાવલી લખનારા બારોટોના પરંપરાગત રીતે લખાતા ચોપડા અને તેના આધારે અપાતા પ્રમાણપત્રો, જો સહજ રીતે અને ગેરરીતિ વગર આપવામાં આવ્યા હોય તો, તેને પુરાવા તરીકે સ્વીકારવાની વિચારણા કરીને પ્રમાણપત્રો આપવાના રહેશે .

5. લક્ષિત સમાજના અરજદારોને જ જાતિ પ્રમાણપત્રો મળે તે માટે આ સમાજના રજીસ્ટર્ડ થયેલા પ્રતિષ્ઠિત અને સર્વસ્વિકૃત જ્ઞાતિ મંડળો દ્વારા અપાયેલા પ્રમાણપત્રોને પણ વધારાના અને સાંયોગિક પુરાવા તરીકે ધ્યાને લેવાના રહેશે.

6. ઉપરના ફકરાઓમાં દર્શાવેલ પદ્ધતિ અને પ્રકિયા આચરીને સક્ષમ સત્તાધિકારીઓએ સાવચેતીપૂર્વક, જરૂર જણાયે સોગંદનામા મેળવીને, રજૂઆતકર્તા સમાજ અને વિસ્તારના અરજદારોને "કારડીયા-નાડોદા, કારડીયા, નાડોદા, ભાથી રાજપૂત, કારડિયા રાજપૂત, નાડોદા રાજપૂત" તરીકે સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના પ્રમાણપત્રો આપવાના રહેશે. સક્ષમ સત્તાધિકારીઓએ એ પણ સાવચેતી રાખવી પડશે કે રજૂઆતકર્તા સમાજની પડતી હાલાકી(Hardship) દૂર કરવા કરેલ આ ઉદાર સરળીકરણનો ગેરલાભ લેવા ભળતા જ સમાજો કે અરજદારો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ખોટા પ્રમાણપત્રો મેળવી ન લે.

7. આ ઠરાવથી કોઈ નવી જાતિ કે પર્યાયવાચી શબ્દો કે પેટા જાતિ કે સમૂહનો સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોની યાદીમાં સમાવેશ થતો નથી. પરંતુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદીના ક્રમાંક:૧૦૨ આગળ દર્શાવેલ "કારડીયા-નાડોદા, કારડીયા, નાડોદા, ભાથી રાજપૂત, કારડિયા રાજપૂત, નાડોદા રાજપૂત" સમાજને કચ્છ, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં જાતિ પ્રમાણપત્રો મેળવવામાં પડતી હાડમારી દૂર કરવા આ ઠરાવ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી. વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, સેકટર-૧૯, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.) (નિયામકશ્રી, વિ.જા.ક. મારફત)
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- National Informatics Centre, બ્લોક નં.૧૩/૨ જો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૮/૦૩/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૯/૧૧૭૧૬૪/અ નું બીડાણ

## <u>પરિશિષ્ટ</u>

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ | અંદાજિત વસતી |
|---|---|---|---|---|
| 1. | કચ્છ | રાપર | ભીમાસર | 500 |
| 2. | કચ્છ | રાપર | કિડીયાનગર | 5000 |
| 3. | કચ્છ | રાપર | પલાસ્વા | 5500 |
| 4. | કચ્છ | રાપર | ભુટકીયા | 770 |
| 5. | કચ્છ | રાપર | ગાગોદર | 550 |
| 6. | કચ્છ | રાપર | કાનમેર | 750 |
| 7. | કચ્છ | રાપર | ચિત્રોડ | 150 |
| 8. | કચ્છ | રાપર | જંગરા | 620 |
| 9. | કચ્છ | રાપર | સણવા | 350 |
| 10. | કચ્છ | રાપર | ફુલપરા | 75 |
| 11. | કચ્છ | રાપર | ઉમૈયા | 350 |
| 12. | કચ્છ | રાપર | અમરાપર | 60 |
| 13. | કચ્છ | રાપર | નાની હમીરપર | 185 |
| 14. | કચ્છ | રાપર | મોટી હમીરપર | 630 |
| 15. | કચ્છ | રાપર | ગેડી | 8000 |
| 16. | કચ્છ | રાપર | રત્નેશ્વર | 200 |
| 17. | કચ્છ | રાપર | પાલનપર | 60 |
| 18. | કચ્છ | રાપર | રવ | 150 |
| 19. | કચ્છ | રાપર | રવેચીનગર | 1600 |
| 20. | કચ્છ | રાપર | દેશલપર | 60 |
| 21. | કચ્છ | રાપર | ફતેહગઢ | 350 |
| 22. | કચ્છ | રાપર | બાલાસર | 1700 |
| 23. | કચ્છ | રાપર | લોદ્રાણી | 2000 |
| 24. | કચ્છ | રાપર | જાટાવાડા | 1100 |
| 25. | કચ્છ | રાપર | બેલા | 3500 |
| 26. | કચ્છ | રાપર | રાપર | 650 |
| 27. | કચ્છ | રાપર | આડેસર | 60 |
| 28. | કચ્છ | રાપર | અંજાર | 150 |

| | | | | |
|---|---|---|---|---|
| 29. | કચ્છ | રાપર | મુન્દ્રા | 90 |
| 30. | બનાસકાંઠા | દિયોદર | ચિભડા | 3000 |
| 31. | બનાસકાંઠા | દિયોદર | રાંટીલા | 1150 |
| 32. | બનાસકાંઠા | દિયોદર | મકડાલા | 450 |
| 33. | બનાસકાંઠા | દિયોદર | ગોલવી | 450 |
| 34. | બનાસકાંઠા | દિયોદર | નોખા | 400 |
| 35. | બનાસકાંઠા | દિયોદર | ભગવાનપુરા | 100 |
| 36. | બનાસકાંઠા | દિયોદર | ડુચકવાડા | 50 |
| 37. | બનાસકાંઠા | દિયોદર | કુંવાતા | 50 |
| 38. | બનાસકાંઠા | લાખણી | લવાણા | 2800 |
| 39. | બનાસકાંઠા | લાખણી | ચાળવા | 2000 |
| 40. | બનાસકાંઠા | લાખણી | કુંવાણા | 1200 |
| 41. | બનાસકાંઠા | લાખણી | અછવાડિયા | 1150 |
| 42. | બનાસકાંઠા | લાખણી | વાસણા | 850 |
| 43. | બનાસકાંઠા | લાખણી | ગણતા | 600 |
| 44. | બનાસકાંઠા | લાખણી | ગેળા | 550 |
| 45. | બનાસકાંઠા | લાખણી | લિમ્બાઉ | 500 |
| 46. | બનાસકાંઠા | લાખણી | લાખણી | 250 |
| 47. | બનાસકાંઠા | લાખણી | વજેગઢ | 100 |
| 48. | બનાસકાંઠા | લાખણી | મોરાલ | 100 |
| 49. | બનાસકાંઠા | લાખણી | વાસણ(કુડા) | 100 |
| 50. | બનાસકાંઠા | લાખણી | નાંદલા | 100 |
| 51. | બનાસકાંઠા | થરાદ | જેતડા | 1800 |
| 52. | બનાસકાંઠા | થરાદ | સણાવિયા | 1000 |
| 53. | બનાસકાંઠા | થરાદ | સેદલા | 700 |
| 54. | બનાસકાંઠા | થરાદ | ડેલ | 250 |
| 55. | બનાસકાંઠા | થરાદ | જમડા | 1620 |
| 56. | બનાસકાંઠા | થરાદ | ભોરલ | 1700 |
| 57. | બનાસકાંઠા | થરાદ | કરબુણ | 900 |
| 58. | બનાસકાંઠા | થરાદ | પીલુડા | 850 |
| 59. | બનાસકાંઠા | થરાદ | દૂધવા | 800 |
| 60. | બનાસકાંઠા | થરાદ | નારોલી | 620 |
| 61. | બનાસકાંઠા | થરાદ | વળાદર | 300 |
| 62. | બનાસકાંઠા | થરાદ | આજાવાડા | 340 |

| | | | | |
|---|---|---|---|---|
| 63. | બનાસકાંઠા | થરાદ | આંતરોલ | 200 |
| 64. | બનાસકાંઠા | થરાદ | શેરાઉ | 400 |
| 65. | બનાસકાંઠા | થરાદ | મેસરા | 100 |
| 66. | બનાસકાંઠા | થરાદ | લુવાણા | 40 |
| 67. | બનાસકાંઠા | થરાદ | થરા | 650 |
| 68. | બનાસકાંઠા | થરાદ | ડુવા | 425 |
| 69. | બનાસકાંઠા | થરાદ | બેવટા | 850 |
| 70. | બનાસકાંઠા | થરાદ | રાહ | 125 |
| 71. | બનાસકાંઠા | થરાદ | કિયાલ | 200 |
| 72. | બનાસકાંઠા | થરાદ | લોરવાડા | 300 |
| 73. | બનાસકાંઠા | થરાદ | કુંભાસણ | 360 |
| 74. | બનાસકાંઠા | થરાદ | ઇઢાટા | 125 |
| 75. | બનાસકાંઠા | થરાદ | ચારડા | 1150 |
| 76. | બનાસકાંઠા | થરાદ | કુંભારા | 250 |
| 77. | બનાસકાંઠા | થરાદ | થરાદ | 1150 |
| 78. | બનાસકાંઠા | થરાદ | ગોકુળગામ | 100 |
| 79. | બનાસકાંઠા | થરાદ | લેડાઉ | 100 |
| 80. | બનાસકાંઠા | થરાદ | સાબા | 280 |
| 81. | બનાસકાંઠા | થરાદ | ખાનપુર | 104 |
| 82. | બનાસકાંઠા | થરાદ | ડોડગામ | 700 |
| 83. | બનાસકાંઠા | થરાદ | ભૂરિયા | 150 |
| 84. | બનાસકાંઠા | સૂઇગામ | કાણોઠી | 100 |
| 85. | બનાસકાંઠા | સૂઇગામ | જેલાણા | 150 |
| 86. | બનાસકાંઠા | સૂઇગામ | પાડણ | 200 |
| 87. | બનાસકાંઠા | સૂઇગામ | ગોલપ | 1200 |
| 88. | બનાસકાંઠા | સૂઇગામ | નેસડા | 1700 |
| 89. | બનાસકાંઠા | સૂઇગામ | ભરડવા | 2300 |
| 90. | બનાસકાંઠા | સૂઇગામ | કોરટી | 100 |
| 91. | બનાસકાંઠા | સૂઇગામ | સૂઇગામ | 3500 |
| 92. | બનાસકાંઠા | સૂઇગામ | જલોયા | 150 |
| 93. | બનાસકાંઠા | સૂઇગામ | દુદોસણ | 230 |
| 94. | બનાસકાંઠા | સૂઇગામ | સોનેથ | 150 |
| 95. | બનાસકાંઠા | સૂઇગામ | મોરવાડા | 300 |
| 96. | બનાસકાંઠા | સૂઇગામ | લેણપ | 2900 |

| | | | | |
|---|---|---|---|---|
| 97. | બનાસકાંઠા | વાવ | વાવ | 3500 |
| 98. | બનાસકાંઠા | વાવ | ખીમણાવાસ | 3200 |
| 99. | બનાસકાંઠા | વાવ | ખીમણાપાદર | 2350 |
| 100. | બનાસકાંઠા | વાવ | ચાંદરવા | 1800 |
| 101. | બનાસકાંઠા | વાવ | માડકા | 1200 |
| 102. | બનાસકાંઠા | વાવ | ભાખરી | 150 |
| 103. | બનાસકાંઠા | વાવ | ગોલગામ | 900 |
| 104. | બનાસકાંઠા | વાવ | બુકણા | 920 |
| 105. | બનાસકાંઠા | વાવ | નાળોદર | 600 |
| 106. | બનાસકાંઠા | વાવ | અસારાવાસ | 1500 |
| 107. | બનાસકાંઠા | વાવ | અસારાગામ | 350 |
| 108. | બનાસકાંઠા | વાવ | ટડાવ | 700 |
| 109. | બનાસકાંઠા | વાવ | સપ્રેડા | 50 |
| 110. | બનાસકાંઠા | વાવ | કારેલી | 350 |
| 111. | બનાસકાંઠા | વાવ | બાલુત્રી | 375 |
| 112. | બનાસકાંઠા | વાવ | ચોથા નેસડા | 850 |
| 113. | બનાસકાંઠા | વાવ | દેથપ | 50 |
| 114. | બનાસકાંઠા | વાવ | કુંભારડી | 175 |
| 115. | બનાસકાંઠા | વાવ | આછુવા | 40 |
| 116. | બનાસકાંઠા | વાવ | કાંગડી | 300 |
| 117. | બનાસકાંઠા | વાવ | સરદારપુરા | 75 |
| 118. | બનાસકાંઠા | વાવ | વાવડી | 550 |
| 119. | બનાસકાંઠા | વાવ | રાછેણા | 475 |
| 120. | બનાસકાંઠા | વાવ | મીઠાવી ચારણ | 25 |
| 121. | બનાસકાંઠા | વાવ | કુંડાળીયા | 1300 |
| 122. | બનાસકાંઠા | વાવ | ચુવા | 20 |
| 123. | બનાસકાંઠા | વાવ | ઉચપા | 250 |
| 124. | બનાસકાંઠા | વાવ | ઢીમા | 600 |
| 125. | બનાસકાંઠા | વાવ | બીયોક | 200 |
| 126. | બનાસકાંઠા | વાવ | ચંદનગઢ | 20 |
| 127. | બનાસકાંઠા | વાવ | તીર્થગામ | 40 |
| 128. | બનાસકાંઠા | વાવ | ધરાદરા | 10 |
| 129. | બનાસકાંઠા | વડગામ | વડગામ | 700 |
| 130. | બનાસકાંઠા | વડગામ | પીલુચા | 70 |

| | | | | |
|---|---|---|---|---|
| 131. | બનાસકાંઠા | વડગામ | ડાલવાણા | 700 |
| 132. | બનાસકાંઠા | વડગામ | થલવાડા | 225 |
| 133. | બનાસકાંઠા | વડગામ | ઇકબાલગઢ (સોનગઢ) | 110 |
| 134. | બનાસકાંઠા | વડગામ | કોદરામ | 850 |
| 135. | બનાસકાંઠા | વડગામ | મગરવાડા | 900 |
| 136. | બનાસકાંઠા | વડગામ | વરવાડીયા | 770 |
| 137. | બનાસકાંઠા | વડગામ | બાવલચુડી | 50 |
| 138. | બનાસકાંઠા | વડગામ | ટીંબાચુડી | 50 |
| 139. | બનાસકાંઠા | વડગામ | વેસા | 600 |
| 140. | બનાસકાંઠા | વડગામ | નળાસર | 350 |
| 141. | બનાસકાંઠા | વડગામ | મજાદર | 750 |
| 142. | બનાસકાંઠા | વડગામ | માલોસણા | 250 |
| 143. | બનાસકાંઠા | વડગામ | ભોગરોડીયા | 170 |
| 144. | બનાસકાંઠા | વડગામ | ઉત્તમપુરા(જસલેણી) | 260 |
| 145. | બનાસકાંઠા | વડગામ | જોઇતા | 570 |
| 146. | બનાસકાંઠા | વડગામ | નગાણા | 300 |
| 147. | બનાસકાંઠા | વડગામ | ઉમરેચા | 125 |
| 148. | બનાસકાંઠા | વડગામ | ગીડાસણ | 45 |
| 149. | બનાસકાંઠા | વડગામ | રુપાલ | 450 |
| 150. | બનાસકાંઠા | વડગામ | ભુખલા | 42 |
| 151. | બનાસકાંઠા | વડગામ | લીંબોઇ | 45 |
| 152. | બનાસકાંઠા | વડગામ | પરખડી | 30 |
| 153. | બનાસકાંઠા | વડગામ | રણછોડપુરા(ડા.) | 300 |
| 154. | બનાસકાંઠા | વડગામ | ચાંગા | 350 |
| 155. | બનાસકાંઠા | વડગામ | મેતા | 250 |
| 156. | બનાસકાંઠા | વડગામ | કોટડી | 370 |
| 157. | બનાસકાંઠા | વડગામ | પસવાદળ | 2000 |
| 158. | બનાસકાંઠા | વડગામ | રજોસણા | 225 |
| 159. | બનાસકાંઠા | વડગામ | ભરકાવાડા | 300 |
| 160. | બનાસકાંઠા | વડગામ | ધનાલી | 18 |
| 161. | બનાસકાંઠા | વડગામ | સરદારપુરા | 70 |
| 162. | બનાસકાંઠા | વડગામ | મેમદપુરા | 1300 |
| 163. | બનાસકાંઠા | વડગામ | પેપોળ | 350 |
| 164. | બનાસકાંઠા | વડગામ | મેગાળ | 240 |

| | | | | |
|---|---|---|---|---|
| 165. | બનાસકાંઠા | વડગામ | મેજરપુરા | 880 |
| 166. | બનાસકાંઠા | વડગામ | ધોતા | 590 |
| 167. | બનાસકાંઠા | વડગામ | સકલાણા | 205 |
| 168. | બનાસકાંઠા | વડગામ | પાંચડા | 110 |
| 169. | બનાસકાંઠા | વડગામ | સીસરાણા | 38 |
| 170. | બનાસકાંઠા | વડગામ | સુખપુરા | 32 |
| 171. | બનાસકાંઠા | વડગામ | આંબતપુરા | 12 |
| 172. | બનાસકાંઠા | વડગામ | તેનીવાડ | 302 |
| 173. | બનાસકાંઠા | વડગામ | ઘોડીયાલ | 650 |
| 174. | બનાસકાંઠા | પાલનપુર | પાલનપુર | 452 |
| 175. | બનાસકાંઠા | પાલનપુર | એગોલા | 98 |
| 176. | બનાસકાંઠા | પાલનપુર | મડાણા | 125 |
| 177. | બનાસકાંઠા | પાલનપુર | વાઘણા | 27 |
| 178. | બનાસકાંઠા | પાલનપુર | ચંડીસર | 12 |
| 179. | બનાસકાંઠા | પાલનપુર | મોટા | 1180 |
| 180. | બનાસકાંઠા | પાલનપુર | કુંભાસણ | 164 |
| 181. | બનાસકાંઠા | પાલનપુર | ગઢ | 218 |
| 182. | બનાસકાંઠા | પાલનપુર | સલેમપુરા | 132 |
| 183. | બનાસકાંઠા | પાલનપુર | વેડંચા | 128 |
| 184. | બનાસકાંઠા | પાલનપુર | ગઠામણ | 12 |
| 185. | બનાસકાંઠા | પાલનપુર | કરજોડા | 410 |
| 186. | બનાસકાંઠા | પાલનપુર | મેરવાડા | 149 |
| 187. | બનાસકાંઠા | પાલનપુર | ભાગળ (પી) | 95 |
| 188. | બનાસકાંઠા | પાલનપુર | ધાણધા | 105 |
| 189. | બનાસકાંઠા | પાલનપુર | અસ્માપુરા | 622 |
| 190. | બનાસકાંઠા | પાલનપુર | માલણ | 230 |
| 191. | બનાસકાંઠા | પાલનપુર | વાસણા (જગાણા) | 690 |
| 192. | બનાસકાંઠા | પાલનપુર | હેલાણા | 432 |
| 193. | બનાસકાંઠા | પાલનપુર | ફતેપુર | 480 |
| 194. | બનાસકાંઠા | પાલનપુર | દાંતીવાડા | 48 |
| 195. | બનાસકાંઠા | દાંતા | મોટાસડા | 1200 |
| 196. | બનાસકાંઠા | દાંતા | મહોબતગઢ | 500 |
| 197. | બનાસકાંઠા | દાંતા | સુદાસણા | 300 |
| 198. | બનાસકાંઠા | દાંતા | ગંછેરા | 263 |

| | | | | |
|---|---|---|---|---|
| 199. | બનાસકાંઠા | દાંતા | અડેરણ | 395 |
| 200. | બનાસકાંઠા | દાંતા | ગંગવા | 520 |
| 201. | બનાસકાંઠા | દાંતા | અભાપુરા | 240 |
| 202. | બનાસકાંઠા | દાંતા | કુંડેલ | 250 |
| 203. | બનાસકાંઠા | દાંતા | ગોધલી | 210 |
| 204. | બનાસકાંઠા | દાંતા | હડાદ | 230 |
| 205. | બનાસકાંઠા | દાંતા | દીવડી | 20 |
| 206. | બનાસકાંઠા | દાંતા | મંડાલી | 105 |
| 207. | બનાસકાંઠા | દાંતા | ભાણપુર | 125 |
| 208. | બનાસકાંઠા | દાંતા | સોલસેડા | 150 |
| 209. | બનાસકાંઠા | દાંતા | ગોરાડ | 85 |
| 210. | બનાસકાંઠા | દાંતા | બામણોજ | 40 |
| 211. | બનાસકાંઠા | દાંતા | દાંતા | 930 |
| 212. | બનાસકાંઠા | દાંતા | પેથાપુર | 200 |
| 213. | બનાસકાંઠા | દાંતા | કુંવારશી | 70 |
| 214. | બનાસકાંઠા | દાંતીવાડા | પાંથાવાડા | 500 |
| 215. | બનાસકાંઠા | દાંતીવાડા | ગુંદરી | 800 |
| 216. | બનાસકાંઠા | દાંતીવાડા | ઝાત | 300 |
| 217. | બનાસકાંઠા | દાંતીવાડા | ભાંડોતરા | 400 |
| 218. | બનાસકાંઠા | ધાનેરા | શિયા | 5000 |
| 219. | બનાસકાંઠા | ધાનેરા | નાની ડુગડોલ | 150 |
| 220. | બનાસકાંઠા | ધાનેરા | મોટી ડુગડોલ | 200 |
| 221. | બનાસકાંઠા | ધાનેરા | રવિયા | 300 |
| 222. | બનાસકાંઠા | ધાનેરા | ભાટી | 3000 |
| 223. | બનાસકાંઠા | ધાનેરા | દેઢા | 150 |
| 224. | બનાસકાંઠા | ધાનેરા | માલોત્રા | 150 |
| 225. | બનાસકાંઠા | ધાનેરા | ધાનેરા | 4000 |
| 226. | બનાસકાંઠા | ધાનેરા | ધાખા | 2000 |
| 227. | બનાસકાંઠા | ધાનેરા | ધરણોધર | 300 |
| 228. | બનાસકાંઠા | ધાનેરા | એટા | 100 |
| 229. | બનાસકાંઠા | ધાનેરા | સાંબાવડી | 100 |
| 230. | બનાસકાંઠા | ધાનેરા | અનાપુરછોટા | 100 |
| 231. | બનાસકાંઠા | ધાનેરા | સરાલ | 200 |
| 232. | બનાસકાંઠા | ધાનેરા | રૂણી | 1500 |

| | | | | |
|---|---|---|---|---|
| 233. | બનાસકાંઠા | ધાનેરા | જેનાલી | 100 |
| 234. | બનાસકાંઠા | ધાનેરા | જડિયા | 500 |
| 235. | બનાસકાંઠા | ધાનેરા | ચારડા | 500 |
| 236. | બનાસકાંઠા | ધાનેરા | ભાજણા | 1000 |
| 237. | બનાસકાંઠા | ધાનેરા | વીંછીવાડી | 25 |
| 238. | બનાસકાંઠા | ધાનેરા | નેનાવા | 50 |
| 239. | બનાસકાંઠા | ધાનેરા | રાજોડા | 250 |
| 240. | બનાસકાંઠા | ધાનેરા | આલવાડા | 400 |
| 241. | પાટણ | સિદ્ધપુર | સુજાણપુર | 188 |
| 242. | પાટણ | સિદ્ધપુર | ગણેશપુરા | 47 |
| 243. | પાટણ | સિદ્ધપુર | કુંવારા | 233 |
| 244. | પાટણ | સિદ્ધપુર | કલ્યાણા | 103 |
| 245. | પાટણ | સિદ્ધપુર | દશાવાડા | 48 |
| 246. | પાટણ | સિદ્ધપુર | કાકોશી | 23 |
| 247. | પાટણ | સિદ્ધપુર | ધનપુરા(વીડ) | 112 |
| 248. | પાટણ | સિદ્ધપુર | મામવાડા | 428 |
| 249. | પાટણ | સિદ્ધપુર | કહોડા | 47 |
| 250. | પાટણ | સિદ્ધપુર | કમલાવાડા | 71 |
| 251. | પાટણ | સિદ્ધપુર | ચારુપ | 2010 |
| 252. | પાટણ | સિદ્ધપુર | ગણેશપુરા(જં.) | 48 |
| 253. | મહેસાણા | ખેરાલુ | મંદ્રોપુરા | 182 |
| 254. | મહેસાણા | ખેરાલુ | હાથીપુરા | 192 |
| 255. | મહેસાણા | ખેરાલુ | વિઠોડા | 48 |
| 256. | મહેસાણા | ખેરાલુ | હિરવાણી | 108 |
| 257. | મહેસાણા | ખેરાલુ | વળાદ | 15 |
| 258. | મહેસાણા | ખેરાલુ | ગોરીસણા | 32 |
| 259. | મહેસાણા | ખેરાલુ | આસ્પા | 50 |